# હરિદ્વાર ખાતે ૨૫ કરોડના ખર્ચે ઉમિયાધામનું નિર્માણ કરાશે

## રવિવારે ભૂમિપૂજનમાં રાજયભરમાંથી પાટીદારો ઉપસ્થિત રહેશે : ૪૮ હજાર ચોરસ ફૂટ જમીનમાં વિશાળ ઉમિયા ધામનું ભૂમિપૂજન - શિલાન્યાસ

ગાંધીનગર, તા.૫

ગુજરાતના પાટીદાર સમાજ દ્વારા તેમના કુળદેવી ઉમિયા માતાજીના મંદિરો માટે ઉદાર હાથે દાન આપવામાં આવે છે. ઉત્તર ગુજરાતના ઊંઝા ખાતે આવેલ ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ભારતના શ્રધ્ધાના ધામ હરિદ્વાર ખાતે પણ ૨૫ કરોડના ખર્ચે ૪૮૦૦૦ ચો. ફુટમાં એક નવા ઉમિયાધામનું નિર્માણ કરવામાં આવનાર છે. આ ઉમિયા ધામના નિર્માણ માટે તા. ૭મી સપ્ટેમ્બર રવિવારે હરિદ્વારમાં ભૂમિપૂજન-શિલાન્યાસ સવારે ૮.૩૦ કલાકે યોજવામાં આવેલ છે.

હરિદ્વારના હરીપુર કલા વિસ્તારમાં બીરલા ફાર્મ રોડ પર આવેલ ગાયત્રી વેદ સંસ્કૃત યુનિ. પાસે આ ઉમિયાધામનું નિર્માણ કરવામાં આવનાર છે. રવિવારે સવારે આ સ્થળે ભૂમિપૂજન દ્વારા આ મંગલ કાર્યનો પ્રારંભ કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત રાજયના ખૂણે ખૂણેથી પાટીદાર શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહેનાર છે. ગુજરાતના કોઈ પણ જ્ઞાતિ સમાજ દ્વારા તેમના કુળદેવીનું ધામ હરિદ્વારમાં વિકસાવાય તે આ પહેલો પ્રસંગ છે આ ઉમિયાધામ વિકસાવવા પાટીદાર જ્ઞાતિના શ્રધ્ધાળુઓએ ઉદાર હાથે દાનની સરવાણી વહેવડાવી છે. આ ભૂમિપૂજન અને શિલાન્યાસ વિધિ હરિદ્વારના પૂર્વ શંકરાચાર્યસ્વામી સત્યમિત્રાનંદ ગિરીના હસ્તે કરવામાં આવનાર છે. આ પ્રસંગે યોજાનાર સમારંભમાં ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ અનિલભાઈ પટેલ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આ સમારંભમાં મધ્યપ્રદેશના ઓરાવાલા (ઈન્દોર)થી દાતા રતનલાલજી પાટીદાર, રાજકોટથી દાતા ડાહ્યાભાઈ ઉકાણી પણ ઉપસ્થિત રહેશે.



પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે બાળકોનો મુખ્યમંત્રીશ્રી સાથે વાર્તાલાપ યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર જિલ્લા - શહેરમાં આવેલ સ્કૂલોના બાળકો સાથે વાતચીત કરી હતી તે પ્રસંગની તસવીર.

### વડીલોને વંદન અભિનંદન



કમળાબેન એ. મકવાણા (૧૯૫૧) મો. ૭૬૯૮૨૪૯૦૫૧

## સરસ્વતી માધ્યમિક વિદ્યામંદિર વિવિધ રમતોમાં વિજેતા બની

સરસ્વતી માધ્યમિક વિદ્યા મંદિરના પ્રાથમિક તથા માધ્યમિક વિભાગના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ શાળા કક્ષાએ એથ્લેટીકસ રમતોમાં ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ નંબરે વૃષભ, હિમાંશુ, રાજદીપ, પિન્ટુ, શૈલેષ, અજય, આનંદ, માનસીએ દોડ, હરડલ્સ, ગોળાફેંક તથા લાંબીકુદમાં, દ્વિતીય નંબરે મનોજ, આકાશ, દિનાબેન અને પાયલબેને ઉંચીકુદ, દોડ તેમજ ભાલાફેંક અને ત્રીજા નંબરે મેઘના રહ્યા હતા. બાળકોએ પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે જે બદલ તમામને શાળા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં વિવિધ કાર્યક્રમો યોજાયા

કલોલ તાલુકાની નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં જ્ઞાન સપ્તાહ ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ પોતાનામાં રહેલી શકિતને પ્રદર્શિત કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક ગણ અને આચાર્ય દ્વારા સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો તેમજ શ્રાવણ માસ દરમિયાન સ્ટાફ મિત્રો તરફથી બાળકોને પ્રસાદ રૂપે તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.

## રાંધેજામાં સંદલ શરીફ

ગાંધીનગર, તા. ૫

રાંધેજા ખાતે હઝરત તાજુદીન દરગાહ શરીફનું સંદલ શરીફ આજે શનિવારે રાત્રે ૧૦ વાગે સંદલ કરવામાં આવશે. કાર્યક્રમમાં સર્વે મુસ્લીમ બિરાદરોને ઉપસ્થિત રહેવા નાજુદીન ઉર્સ કમિટીના પ્રમુખ હુસેનભાઈ મનસુરીએ જણાવ્યું છે.



### ટે-ક્વોનડોમાં શ્રેષ્ઠ દેખાવ

રાજયકક્ષાની ટે-ક્વોનડો સ્પર્ધા અમદાવાદ, મણીનગર સ્થિત સેવન્થ-ડે સ્કૂલમાં યોજાઈ હતી. સ્પર્ધામાં ગાંધીનગરના સ્પર્ધકોએ શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. જેમાં કાવ્યા વ્યાસ, નિસર્ગ મહેતા, મિલાપ ટાટરિયા, સુખવિંદ સિંઘે ગોલ્ડ મેડલ, મિલી ટાટારિયા, કેન્વી ચૌધીર, નંદીની દવે, નિત્યા ઠાકોર, પ્રેરી શાહ, લકી ગોસ્વામી અને અભિનવકુમારે સિલ્વર અને ધારા પટેલ, રુશિકા નાયક, હરિ પ્રિતમ અને તખીશ ચૌધરીએ બ્રોન્ઝ મેડલ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

## મોડાસાની કે. એન. શાહ હાઈસ્કુલ માં શીક્ષક દિન ની ઉજવણી કરાઈ

મોડાસા, તા.૫

૫ મી સપ્ટેમ્બર એટલે ડો રાધાકૃષ્ણ સર્વપલ્લી નો જન્મ દિવસ આ દિવસ ને આપણે શિક્ષકદિન તરીકે ઉજવીએ છીએ ત્યારે આજ રોજ મોડાસા ની કે.એન.શાહ હાઈસ્કુલ ધો ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ એ સ્વયંભુ શિક્ષક બની શિક્ષક દિન ઉજવયો હતો.

મોડાસા શહેર માં આવેલી કે.એન.શાહ વીદ્યાલય માં આજે ૩ સપ્ટેમ્બર ના રોજ શિક્ષક દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ધોરણ ૯ થી ધ્રણ ૧૨ સુધી ના વિદ્યાર્થીઓ એ શિક્ષક ની ભુમીકા ભજવી હતી ઓરીજનલ શિક્ષકો ની જેમ જ આ વિદ્યાર્થીઓ એ સમગ્ર દિવસ દરમ્યાન શિક્ષણ કાર્ય કરયુ હતુ અને સ્કુલ ના પ્રિન્સીપાલ રૂમે રૂમે જઈ પોતાના બાળકો જ્ઞાન પીરસી શકે છે કે નહી તેની ચકાસપી કરી હતી જો આવી જરીતે શિક્ષકો ધ્વારા બાળકો ને દરકે પ્રવૃતી માં ભાગ લેતા કરાય તો વિદ્યાર્થીઓ નુ મનોબળ વધે તેમ છે.

# મોડાસા પાલિકા ધ્વારા ખુલ્લી મુકવામાં આવેલી ગટરો જનતા માટે મોતના કુવા સમાન

મોડાસા, તા.૫

મોડાસા નગરપાલિકા નુ વહિવટી તંત્ર ખાડે ગયુ હોય તેમ છેલ્લા કેટલાય દિવસ થી મોડાસા નગરપાલિકા ચર્ચા ના ચકડોળે છે પછી મોડાસા માં પાછળ આવેલ વિસ્તાર માં આવેલ ખુલ્લી ગટર માં આજે બે બાઈક સવાર અલાદિનભાઈ લાલાભાઈ ભટ્ટી (રહે.બસેરા સોસાયટી મોડાસા)આખે આખી પલ્સર બાઈક લઈ ને આ ગટર માં ખાબકયા હતા



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોન્સુન પ્લાન ફેલ જવાનો મમલો હોય કે મોડાસા નગરપાલ્કા ધ્વારા કરવામાં આવેલી ભરતી રદ કરવાનો મામલો હોય કે પછી ખુલ્લી ગટરો નો મામલો હોય કોઈ ને કોઈ બાબતે છેલ્લા કેટલાય દિવસો થી મોડાસા નગરપાલિકા સુર્ખીયો માં રહી છે.

હમણાં જ બે દિવસ પહેલા મોડાસા શહેર માં ભારે વરસાદ પડયો હતો અને નગરપાલિકા ધ્વારા શહેર માં ઠેરઠેર ખુલ્લી મુકવામાં આવેલી ગટરો અને ખાડા ઓ માં પાણી ભરાઈ ગયા હતા ત્યારે આ ખુલ્લી ગટરો માં એક ગાય પડી જતા કેટલા ગૌ પ્રેમીઓ ધ્વાર મહામહેનતે આ ગાય ને બહાર કાઢી બચાવી લેવામાં આવી હતી પરંતુ આટલે થી પણ તંત્ર એ તસ્દી ના લેતા આજે મોડાસા કોલેજ સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી પરંતુ બાઈક સવાર ને મોઢા અને કપાળ ના ભાગે ઈજાઓ થવા પામી હતી.

જયારે આ બાઈક સવાર ને આજુબાજુ ના હીશો એ ભેગા મળી ને હવાખાને પહોચાડયો હતો અને ગટર માં પડેલ બાઈક કાઢવા પણ નગરપાલિકા ના સત્તાધીશો ધ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા લોકો એ જાતે જ એકડા થઈ આ બાઈક ને બહાર કાઢી હતી જો નગરપાલિકા ના સત્તાધીશો આમ ને આમ ખુલી ગટરો મુકી દઈ લોકો ને ખુલ્લા મોત ના કુવા માં ધકેલી દેવામાં આવશે તો મોડાસા ની જનતા એ આવનારી ચુટણી માં કોર્પોરેટરો ને પાઠ ભણાવાનુ મનોમન નકકી કરી લીધુ છે.

# એમ. કે. શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજ મોડાસામાં શિક્ષકોએ શિક્ષકદિને ફિલ્મ નિહાળી

મોડાસા, તા.૫

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા સંચાલિત ગો.વા.પ.ભ. મુરીબેન ખેમચંદદાસ શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજ મોડાસાના પ્રશિક્ષણાર્થીઓએ અધ્યાપકો સાથે મળીને શિક્ષકદિનની અનોખી રીતે ઉજવણી કરી હતી. કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે નોખા પ્રકારની ઉજવણી બદલ અભિનંદન પાઠવ્યા હતા અને પોતાના વિદ્યાર્થીઓને જીવતા શિક્ષક બનવાની શીખ આપી હતી.

શિક્ષકદિન નિમિત્તે સવારે પ્રાર્થના સભા બાદ વિશ્વશાંતિ માટે ભજન કિર્તનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભજનો ગાઈને વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી હતી.

કાર્યક્રમના બીજા તબક્કામાં શિક્ષકો તૈયાર કરતી આ કોલેજમાં ફિલ્મ બતાવવામાં આવી હતી. લાટીવાળા કોલેજના તાલીમાર્થીઓ સહિત તમામે 'તારે ઝમીં પર' ફિલ્મ નિહાળી હતી અને શિક્ષક તરીકે વિદ્યાર્થીઓ સાથેના વર્તનની વિશદ ચર્ચા થઈ હતી. ડૉ. સંતોષ દેવકરે ફિલ્મની સમીક્ષા કરી હતી. બાળકોના વર્તન અને તેમાં આવતા પરિવર્તન વિશે વિસ્તૃત માહિતી આપી હતી કે બાળકમય બની જનાર શિક્ષક અને મનોવિજ્ઞાનનો જાણકાર શિક્ષક સતત વાંચતો અને વિચારતો શિક્ષક વિદ્યાર્થી પ્રિય બની શકે છે અને ભાવિ પેઢીનું ઘડતર કરી શકે છે.

ફિલ્મ નિહાળવા માટે તાલીમાર્થીઓ અને અધ્યાપકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. મંડળના પ્રમુખ ડૉ. અરૂણભાઈ શાહ અને પ્રભારી મંત્રી અરવિંદભાઈ મોદીએ શિક્ષક દિનની અનોખી ઉજવણી બદલ અભિનંદન પાઠવ્યા હતા.





### વીમા સપ્તાહ નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાઈ

હાલ ભારતીય જીવન વીમા નિગમ દ્વારા વીમા સપ્તાહની ઉજવણી કરાઈ રહી છે. આ ઉજવણી અંતર્ગત સે. ૨૧ માં આવેલ માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પર્યાવરણની જાળવણી અને ઉર્જા બચાવો વિષય પર સુંદર ચિત્રો દોર્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

## શબ્દાવલી - ૫૪૯૭



### આડી ચાવી

૧. દુકાળ (૩)
૨. સવાર, પરોઢ (૨)
૫. માલદાર, ધનવાન (૫)
૬. નાજુકતા, કુમળાશ (૪)
૯. પોચું, ઢીલું (૩)
૧૦. અમેરીકન ચલણી નાણું (૩)
૧૨. આંખમાં રહેલ ગોળ નાનું કાળું ટપકુ જેનાથી જોવાય (૨)
૧૪. હુતાશણી, પતંગનો તહેવાર (૫)
૧૬. બનાટ, ગાલીચો (૨)
૧૭. એક નદીનું નામ (૨)
૧૮. ઘણી શાળાઓમાં ત્રણ ત્રણ... પડે, વિરામ (૩)
૧૯. ચકમક, તિખારા (૩)

### ઊભી ચાવી

૧. ... વહી જો પિયા મન ભાવે (૩)
૨. શંકર, મહાદેવ (૨)
૩. લાલાશ પડતો (૪)
૪. ફરફર, ઝીણો વરસાદ (૪)
૫. શોક (૩)
૭. જનક રાજાની પુત્રી (૩)
૮. વેરો, લાગો (૨)
૧૧. લક્ષ્મણે સીતાજી માટે દોરેલ લાઇન (૫)
૧૨. કલરવ, નાના બાળકોનો શોર (૪)
૧૩. ઠીક કરવું, રીપેરીંગ (૪)
૧૪. અજવાળ, અજવાળું (૩)
૧૫. સુગંધી ખાવાલાયક લાકડું (૨)

### શબ્દાવલી ૫૪૯૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચાલાક (૫) રમા (૬) કોપાયમાન (૮) કોપરેલ (૯) કલાપી (૧૧) નાવ (૧૨) ન્યાય (૧૩) કદુ (૧૪) રન (૧૫) મસાણ (૧૭) કેદ (૧૮) લાડકી (૧૯) સમુકુ (૨૧) લત (૨૨) જવનિકા

**ઊભી ચાવી :-** (૧) ચારણકન્યા (૨) લામા (૩) કોયલ (૪) વનરાવન (૬) કોપ (૭) પારવેડુ (૮) કોપી (૧૦) લાતમલાત (૧૧) નારદમુનિ (૧૩) કણકી (૧૬) સાડ (૧૭) કેસવ (૨૦) કુડા

## એમ.બી. પટેલ કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર પશ્ચિમ વિભાગ વ્યાયામ મંડળ દ્વારા જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ ભાગ લીધો હતો અને વિજેતા બની હતી. જેમાં ધોરણ-૮-બની વિદ્યાર્થીની નિધિ ગામિતે ગોળા ફેંકમાં પ્રથમ, ધોરણ-૮-ઈની કેશર દેસાઈએ તૃતીય ધોરણ-૮-ડની આંચલ પટેલે ૧૦૦ મી. દોડમાં પ્રથમ તેમજ ૮-બની મેઘલ ગોહિલે લાંબીકૂદમાં તૃતીય સ્થાન મેળવ્યું છે. નિધિ ગામીત અને આંચલ પટેલે પ્રથમ નંબર મેળવતા રાજયકક્ષાએ ભાગ લેશે. શાળા પરીવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### રાંધતા પહેલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેદાન આવેલુ છે. આ મેદાનમાં કેટલાક પાણીપુરી અને નાસ્તાના ખુમચાવાળા તથા અમુક ફેરિયાઓ ઉભા રહે છે. વરસાદના કારણે આ મેદાનમાં ખૂબ જ કાદવકીચડ થઈ ગયો છે. વળી, આ માર્કેટમાં શાકભાજી ખરીદ-વેચાણ માટે લઈને આવતા વાહનોને કારણે અહીં કાદવ વધુ થાય છે જેમાં પાણી ભરાઈ રહે છે અને માખી-મચ્છર જેવા રોગજન્ય જીવાતોનો ઉપદ્રવ થાય છે. વળી, આ માર્કેટની અંદર પણ અનેક ઠેકાણે તળીયાનું પ્લાસ્ટર તુટી ગયું હોવાથી તેમજ સેંકડો લોકોની અવરજવરના કારણે ખૂબ ગંદકી થાય છે. આ માર્કેટના વેપારીઓ ખેડૂતો પાસેથી જથ્થાબંધ શાકભાજી ખરીદીને જ પછી આ ગંદકીવાળી જગ્યામાં જ ઠાલવી તેનો વેપાર કરે છે. આ કારણે શાકભાજી ખાનાર જો યોગ્ય સફાઈ વગર તેને ખાવ તો તેના આરોગ્યને ભયંકર હાનિ પહોંચે તેવા સંજોગો ઉભા થયા છે.

આરોગ્યતંત્ર કે સફાઈતંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવે અને આ ગંદકીમાં જંતુનાશક દવા છાંટવી કે અન્ય ઉપાયો કરવામાં આવે તેવી તાકીદની જરૂરિયાત અહીં ઉભી થવા પામી છે. વેપારીઓ દ્વારા પણ તેમના ધંધા રોજગારની જગ્યાને સ્વચ્છ રાખવામાં આવે અને શાકભાજીને સ્વચ્છ જગ્યાએ સાફ કરવામાં આવે તે જરૂરી બન્યું છે. જો તંત્ર દ્વારા આ બાબતે સત્વરે યોગ્ય પગલાં નહી લેવાય તો આ ગંદકીમાં રખાતા શાકભાજી અને રોગજન્ય જીવાણુઓના ઉપદ્રવને કારણે રોગચાળો ફેલાય તેવી શક્યતા ઉભી થવા પામી છે.

## ધનસુરાની આકાર શિશુ વિહારમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

ધનસુરા, તા. ૫

ધનસુરાની આકાર શિશુવિહાર શાળામાં બાળકોએ આનંદભેર શિક્ષકદિનની ઉજવણી કરી હતી.

આજના દિવસે શાળાના બાળકોએ એક દિવસ માટે શિક્ષક બની શાળાનું શિક્ષણ કાર્ય કર્યું હતું. બાળકોએ શિક્ષક બની વર્ગખંડમાં સહઅધ્યાયી મિત્રોને વિવિધ વિષયના પાઠ ભણાવ્યા હતા. અંતે કેળવણી મંડળના મંત્રી પિયુષભાઈ શાહે શિક્ષક દિનમાં ભાગ લેનાર બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

# વિભાગોની સકસેસ સ્ટોરીઝની કોફી ટેબલ બુક પ્રકાશિત કરવા વિભાગોને સૂચના

ગાંધીનગર, તા.૫

વિભાગોની સકસેસ સ્ટોરીઝને હાઈલાઈટ કરતી કોફી ટેબલ બુક પ્રકાશિત કરવા માટે તમામ વિભાગોને સૂચના આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં આગામી જાન્યુઆરી ૨૦૧૫માં વાયબ્રન્ટ ગુજરાત સમિટ યોજાનાર છે. આ સમિટ સંદર્ભે તાજેતરમાં દિલ્હી ખાતે એક વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫ કર્ટેન રેઈઝર પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં આ પ્રોગ્રામને મળેલી સફળતા અંગે ઉદ્યોગ અને ખાણ વિભાગની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

વાયબ્રન્ટ સમિટ યોજવાનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરેથી પબ્લિક પોલિસીને લગતા જુદા જુદા દષ્ટિબિંદુઓ મેળવવાનો હોય છે કે જેના આધારે વહીવટના જુદા જુદા ક્ષેત્રે નિતિ નિર્ધારણ માટે જરુરી ઈનપુટસ મળી રહે આ માટે તમામ વિભાગોને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫માં સક્રિય ભૂમિકા ભજવવા અ.મુ. સચિવે વિભાગોને વિનંતી કરી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ વાયબ્રન્ટ સમિટ અંતર્ગત સંબંધિત વિભાગો તેઓની સકસેસ સ્ટોરીઝને હાઈલાઈટ કરતી કોફી ટેબલ બુકસ પ્રકાશિત કરે તેવી વિભાગોને મંતવ્ય વ્યકત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જે વિભાગોએ આવી કોફી ટેબલ બુકસ પ્રકાશિત કરી હોય તેની રીવાઈઝડ એડીશન પણ પ્રકાશિત કરવાનું મુખ્ય સચિવે સૂચન કર્યું હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

### મર્ડર કેસના શકમંદે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓડે હાઈકોર્ટમાં ફરીયાદ કરી હોવાનું પણ જાણવા મળ્યું છે.

ધોળાકુવા ગામની સગીર વયની કિશોરીની હત્યા કરી કોથળામાં લાશ બાંધીને ગામની સીમમાં ફેંકી દેવાઈ હતી. આ ચકચારી હત્યા પ્રકરણમાં પોલીસે કેટલાક શકમંદોના એસ.ડી.એસ. ટેસ્ટ કરાવ્યા હતા. જે શકમંદો પૈકી એક શકમંદ રમેશ ઓડ વિગતો છુપાવતો હોવાની શક્યતાને આધારે તેનો લાઈ ડીટેકશન ટેસ્ટ કરવા માટે તપાસ અધિકારીએ ગાંધીનગર કોર્ટ પાસેથી મંજુરી માંગી છે જે સંદર્ભે રમેશ ઓડ દ્વારા કોર્ટ પાસેથી ૧૨ સપ્ટેમ્બર સુધીની મુદત માંગવામાં આવી છે. તો બીજી તરફ પોલીસના ટોર્ચરીંગ અંગે રમેશ ઓડે હાઈકોર્ટમાં ફરીયાદ કરી હોવાનું પણ જાણવા મળ્યું છે.

### પ્લાનીંગની સત્તા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્પોરેશનને સૂચવ્યું હતુ પરંતુ કોર્પોરેશને હજુ તે સત્તાઓ સંભાળી નથી. કારણ કે તે અતિખર્ચાળ છે. કોર્પોરેશન હજુ નવું રચાયેલું છે અને આર્થિક રીતે પગભર થાય તેમ તેમ સરકાર સત્તાઓની સોંપણી કરશે તેમ સરકારના નિકટવર્તી સૂત્રોએ જણાવ્યું છે.

રાજ્ય સરકારે ટાઉન પ્લાનીંગની સત્તાઓની સોંપણી કરી છે પણ નગર ઈજનેરની સરકારે કાયમી નિમણુંક કરી નથી. હાલ કેટલાક નિવૃત્ત ઈજનેરોને કોન્ટ્રેકટ પર મનપાએ રાખ્યા છે તેથી આ સત્તાઓ સંભાળી કેટલી સફળ થશે તેને લઈ પણ પ્રશ્નાર્થો ઉભા થવા પામ્યા છે. પુરતા તકનીકી કર્મચારીઓનો અભાવ પણ કોર્પોરેશનની કામગીરીમાં અંતરાય બની ઉભરી શકે છે.